## જન્મદિને વધામણી



સોનલબેન વાસુદેવ ત્રિવેદી
મો. ૯૭૧૪૨ ૩૫૮૨૬



હંસાબેન દિનેશકુમાર રાઠોડ



રીટાબેન દિપકભાઈ સોની
મો. ૯૪૦૮૭ ૬૨૧૧૪



હેમાંગ હરેશકુમાર જોષી
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬

ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી

# મમતા માસિક દ્વારા ૧૮મીએ વાર્તાયનની ત્રીજી બેઠક યોજાશે





ગાંધીનગર, તા. ૧૬

વાર્તા માસિક " મમતા " દ્વારા અને ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી " વાર્તાયન : પર્વ - ૩ " ની બેઠક તા. ૧૮, માર્ચ, ૨૦૧૮ને રવિવારે સાંજે બરાબર ૫ વાગ્યે શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સેકટર-૭, ગાંધીનગર મુકામે યોજાશે. જેમાં વાર્તાકાર પ્રજ્ઞા પટેલ તથા જિજ્ઞાસા પટેલ પોતાની વાર્તાઓનું પઠન કરશે. સૌ સર્જકો/સહભાવકોને આ પ્રસંગે ઉપસ્થિત રહી સાહિત્યરસનું પાન કરવા મમતા માસિક દ્વારા ઈજન પાઠવવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓનું સાત ક્ષેત્રોમાં પરીક્ષણ કરાશે

# ધો-૧૦ના વિદ્યાર્થીઓ માટે 'ઈન્ટરેસ્ટ' ટેસ્ટ યોજાશે

ગાંધીનગર, તા. ૧૬

ધો-૧૦ના વિદ્યાર્થીઓ માટે ઈન્ટરેસ્ટ ટેસ્ટનું આયોજન કરાયું છે. જેમાં સાત ક્ષેત્રમાં પરીક્ષણ કરાશે. જેમાં વર્દીધારી સેવાક્ષેત્ર, કૃષિક્ષેત્ર, કલા ક્ષેત્ર, લલિત કલા ક્ષેત્ર, આરોગ્ય અને જૈવિક વિજ્ઞાન ક્ષેત્ર, વાણિજ્ય ક્ષેત્ર અને તકનીકી ક્ષેત્રમાં પરીક્ષણ કરાશે. વિદ્યાર્થીઓને કોઈ પણ કાર્ય ગમે છે તેના આધારે વિકલ્પ પસંદ કરી જવાબ આપવાનો રહેશે. વિદ્યાર્થીઓએ એક પછી એક એમ ૧૪૦ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. ૧૪૦ પ્રશ્નોના જવાબ આપ્યા બાદ પરીક્ષા સમાપ્ત બટન પર ક્લિક કરવાનું રહેશે. પરીક્ષણ માટે વિદ્યાર્થી દીઠ ૧૫થી ૨૦ મિનિટ જેટલો સમય લાગશે. વિદ્યાર્થીઓ એક વાર જવાબ આપ્યા બાદ તે બદલી શકશે નહીં. ધો -૧૦ના વિદ્યાર્થીઓ માટે પ્રથમવાર ઈન્ટરેસ્ટ ટેસ્ટ (અભિરુચિ કસોટી)નું આયોજન કરાયું છે. આ ટેસ્ટના આધારે વિદ્યાર્થી કયા ક્ષેત્રમાં જવા માંગે છે તેની માહિતી મળશે. આ મોબાઈલ એપ બેઝ્ડ ટેસ્ટ હશે અને જે તે સ્કૂલમાં જ ૩૧ માર્ચથી ૨ એપ્રિલ દરમિયાન લેવાશે. હાલમાં બોર્ડની પરીક્ષા ચાલી રહી હોઈ પરીક્ષા કેન્દ્રો પર ઈન્ટરેસ્ટ ટેસ્ટ અંગેની નોટિસ લગાવાશે. જેથી વધુમાં વધુ ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ આ ટેસ્ટ આપી પોતાની કારકિર્દી માટે કયા ક્ષેત્રમાં પદાપર્ણ કરવું તે નક્કી કરી શકશે. ટેસ્ટને લઈને અત્યારથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને ડીઈઓ દ્વારા પણ તેમના તાબાની સ્કૂલોમાં પરિપત્ર કરી ટેસ્ટ લેવાની સૂચના આપી દીધી છે.

ચાલુ વર્ષે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને તેમની અલગ અલગ ક્ષેત્રમાં રહેલી રૂચીને સમજવા એપ બેઝ્ડ ઈન્ટરેસ્ટ ટેસ્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિરુચિ પરીક્ષણના આધારે વિદ્યાર્થી શૈક્ષણિક કે વ્યવસાયિક ક્ષેત્રથી ક્યાં ક્ષેત્રમાં ભવિષ્ય બનાવવા માંગે છે તેની માહિતી સરળતાથી મળશે. રાજ્યની સરકારી તથા માધ્યમિક સ્કૂલોના ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓની કારકિર્દી માર્ગદર્શન માટે એપ બેઝ્ડ ઈન્ટરેસ્ટ ટેસ્ટ શાળા કક્ષાએ ૩૧ માર્ચથી ૨ એપ્રિલ દરમિયાન સ્કૂલોએ લેવાની રહેશે.

હાલમાં ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષા ચાલી રહી છે ત્યારે જે બિલ્ડિંગમાં પરીક્ષા ચાલે છે ત્યાં શાળાના સંચાલકોએ પરીક્ષા આપવા માટે આવતા વિદ્યાર્થીઓને આ બાબતે નોટિસ બોર્ડ પર સૂચના આપવાની રહેશે. જેમાં પરીક્ષા માટે વિદ્યાર્થીઓ રિસીપ્ટ સાથે ૩૧ માર્ચથી ૨ એપ્રિલ સુધી માતૃસંસ્થામાં હાજર રહે. આ અભિરુચિ કસોટી એન્ડ્રોઈડ મોબાઈલ આધારિત એપ્લિકેશન દ્વારા લેવાશે. પરીક્ષણ માટે સ્કૂલના આચાર્ય, સંચાલક, કલાર્ક, શૈક્ષણિક સ્ટાફના મોબાઈલનો ઉપયોગ કરી શકાશે. પરીક્ષા બાદ વિદ્યાર્થીઓનો ડેટા ૩ એપ્રિલ સુધીમાં અપલોડ કરવાનો રહેશે. મહારાષ્ટ્રમાં છેલ્લા ત્રણ વર્ષથી આ રીતે ઈન્ટરેસ્ટ ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે પરંતુ ગુજરાતમાં આ વખતે પ્રથમ વખત આયોજન કરાયું છે. ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન માટેની ટેસ્ટના સમય દરમિયાન જ શાળામાં એન્ડ્રોઈડ મોબાઈલ લાવવાની મંજુરી આપી શકાશે. પરીક્ષાના એક દિવસ પહેલા તમામ મોબાઈલ કે જેમાંથી પરીક્ષણ કરવામાં આવનાર છે તેમાં એપ્લિકેશન ડાઉનલોડ કરવાની રહેશે. ઈન્ટરેસ્ટ લીધે રાજ્યના ધોરણ-૧૦ના ૮ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓને લાભ થશે. હાલમાં ધો-૧૦ની પરીક્ષા ચાલી રહી છે અને તેમાં સમગ્ર રાજયમાંથી ૧૧૦૩૬૭૪ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે નોંધાયા છે.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.બી.એ કોલેજના વિદ્યાર્થીઓ બે દિવસીય મેગા મોક ડ્રીલમાં જોડાયા

ગાંધીનગર સ્થિત બી.પી. કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશનનાં ૧૨૦ વિદ્યાર્થીઓ માટે ભારત સરકારના NDRF વિભાગ દ્વારા મેગા મોક ડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. અને આ કાર્યક્રમ માટે સમગ્ર ભારતમાંથી ગુજરાત રાજ્યની પસંદગી કરવામાં આવી હતી. અને તે અન્વયે રાજ્યના આઠ જીલ્લાઓમાં આ મેગા મોક ડ્રીલ યોજાઈ. રાજ્યનું પાટનગર ગાંધીનગર પણ ઉપરોક્ત મોક ડ્રીલ માટે પસંદગી પામ્યું હતું. અને સાંપ્રત સમય માં મેનેજમેન્ટ નાં વિદ્યાર્થીઓ અભ્યાસ ની સાથે સાથે રાષ્ટ્રનિર્માણ ની પ્રક્રિયા માં જોડાય તેવા ઉદેશ્યથી બીબીએ કોલેજના વિદ્યાર્થીઓ પણ ઉત્સાહપૂર્વક સમગ્ર મોકડ્રીલ માં જોડાયા હતા. ગાંધીનગરના GEB, અખબારભવન, સેકટર-૧૧, ગવર્મેન્ટ ક્વાટર્સ સેક્ટર-૨૦ ખાતે યોજાયી હતી. સમગ્ર મોક ડ્રીલમાં ગાંધીનગરની પ્રતિષ્ઠિત બીબીએ કોલેજ ના વિદ્યાર્થીઓ એ ખુબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેઓ ને ત્રણ ટીમમાં વિભાજીત કરવામાં આવ્યા હતા.



જેઓની ટીમના મેનેજમેન્ટ માટે બીબીએ કોલેજ દ્વારા ત્રણ કમિટીની રચના કરવામાં આવી હતી. જેમાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓ નો સમાંવેશ થાય છે. જેઓ એ સમગ્ર મોક ડ્રીલ ના અમલીકરણ માટે ખુબ જહેમત ઉઠાવી હતી. ચૌધરી સાનિધ્ય, પટેલ વર્ધક, વૈષ્ણવ જેની, શાહ ઈન્દ્રજીત, શેખ મોહમ્મદ સમીર, ચૌધરી શિવાની, અમલ નિકોલ્સન કુલ બે દિવસ સુધી વિવિધ તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને તાલીમ અપાઈ હતી.

ડિજાસ્ટર મેનેજમેન્ટ પણ મેનેજમેન્ટ નો જ એક ભાગ છે. દેશમાં કુદરતી કે કૃત્રિમ વિપત્તિ આવે ત્યારે નાગરિકો ના જાન-માલ ને બચાવવા માટે કઈ રીતે પ્રયત્નો થઈ શકે. તેનું અદભૂત ઉદાહરણ આજ ની મોક ડ્રીલ સાબિત થશે. આજ ની મેગા મોક ડ્રીલ ભૂકંપ બાબતે હતી. તેની સાથે સાથે વાવાઝોડું, પુર, આગ લાગવી રોગચાળો ફાટી નીકળવો, યુદ્ધ થવું, રમખાણો જેવી પરિસ્થિતિ ને કઈ રીતે પંહોચી વળવું, રાહત અને બચાવ ની કામગીરી કઈરીતે થાય આ સમગ્ર બાબત પર પણ અવાર નવાર મોકડ્રીલ દ્વારા વિદ્યાર્થીઓને સમજાવવા માં આવ્યું હતું. વિદ્યાર્થીઓ ડીજાસ્ટર સમયે સામાન્ય સ્વબચાવની સાથેસાથે કઈરીતે સમાજને ઉપયોગી થઈ શકે. તે બાબતે તાલીમ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજનાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ કમિટીના હેડ ડો. જયેશ તન્ના તેમજ પ્રો.માર્ગી દેસાઈ દ્વારા સફળતા પૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

# બરોડાની આલ્મા ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાયો




ગાંધીનગર, તા.૧૪

બરોડાની આલ્મા ઈન્ટરનેશનલ કિડસ પ્રિ. સ્કૂલનો ત્રીજો વાર્ષિકોત્સવ તાજેતરમાં યોજાયો હતો. શાળાના વાર્ષિકોત્સવમાં મુખ્ય મહેમાન પદે દર્શનસિંહ સોલંકી, ધ્રુમિલ શૈલેષભાઈ મહેતા, દિવ્ય ત્રિવેદી હાજર રહ્યા અને નાના-નાના ભૂલકાંઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમનો સફળ બનાવવા શાળાના ડિરેકટર ધૈર્યવીરસિંહ, કુલદીપસિંહ, યુવરાજસિંહ અને દિગપાલસિંહ તથા શિક્ષકગણે ભારે જહેમત ઉઠાવી હતી.

# ઈન્ડિયન કોન્સોલેટ, ન્યૂયોર્ક ખાતે "ઈન્ટરનેશનલ વુમન્સ ડે"ની ઉજવણી

ઈન્ડિયન કોન્સોલેટ, ન્યુયોર્કમાં એફઆઈએ દ્વારા વુમન્સ એમ્પાવરમેન્ટને વિશિષ્ટતા આપતો શાનદાર કાર્યક્રમ યોજાયો હતો. પાંચ અગ્રણી સ્ત્રીઓએ ૧૦૦થી પણ વધુ એકઠી થયેલ મેદનીને સંબોધી હતી. સામાજિક, આર્થિક, ઔદ્યોગિક અને વાણીજય, શૈક્ષણિક, ઉપરાંત સંગીતમાં પોતાનું આગવું સ્થાન બનાવી ચૂકેલ સ્ત્રીઓએ સ્ટેજને જાજરમાન બનાવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી થઈ હતી જેમાં એફઆઈએના ચેરમેન શ્રી રમેશભાઈ પટેલ, એફઆઈએના પ્રેસીડન્ટ સૃજલ પરીખ, ટીવી એન્કર નિશા માથુર, લેખક માયરા ગુડફાય, સોશ્યલ વર્કર ઈશિતા ચક્રબર્થી, મ્યુઝીશિયન અને સફળ ઔધ્યોગિકા ચન્દ્રિકા ટંડન, ખ્યાતનામ પ્રોફેસર શ્રી ગાયત્રી ચક્રવર્તી સ્પીવાક,વાયોલિનવાદક ડેઈઝી જોપ્લીન, તથા કોન્સુલ જનરલ શ્રી સંદીપ ચક્રવર્તી અને એમના પત્નીનો સમાવેશ હતો. આ કાર્યક્રમમાં મિસ ઈન્ડિયા યુએસએ તથા અલગ અલગ ક્ષેત્રમાં પોતાનું અલગ સ્થાન બનાવનાર સ્ત્રીઓનો પણ સમાવેશ હતો જેઓને શ્રી સંદીપ શક્રવર્તી દ્વારા શાલ પ્રદાન કરી સન્માનિત કરાયા હતાં. ૧૯૦૯માં "ઈન્ટરનેશનલ વર્કિંગ વુમન" તરીકે ઓળખાતો દિવસ યુએનની સંમતી પછી ૧૯૭૫માં "ઈન્ટરનેશનલ વુમન્સ ડે" તરીકે દર વર્ષે માર્ચની આઠમીએ ઉજવાતો થયો.

કાર્યક્રમના આયોજક અને એફઆઈએના પ્રેસીડન્ટ સૃજલ પરીખે સૌને સંબોધિત કરતાં કહ્યું કે " હું તો આમ પણ રોજ શશક્ત પ્રતિભા ધરાવનાર સ્ત્રીઓથી ઘેરાયેલ હોઉં છું, મારી માતા, મારી પત્ની, મારી પુત્રી, અને મારાં મિત્રો." તેઓએ એફઆઈએની પીઠબળ સમાન કમિટીની દરેક સ્ત્રીનો આભાર માનતા કહ્યું કે આ કાર્યક્રમની સફળતમાં પોતાનો ફાળો આપનાર દરેક મહિલાનો હાથ છે જેમણે અથાગ પ્રયત્નો કર્યા છે.

કોન્સુલ જનરલસંદીપ ચક્રવતીએ દરેકને સંબોધતા જણાવ્યું હતું કે " આજના આ ખાસ દિવસે હું દરેક મહિલાને અભિનંદન આપવા માંગું છું જેઓ પોતાની મહેનત અને પરિશ્રમથી પોતાનું ખાસ સ્થાન કાયમ કર્યુ છે." આગળ વધતાં એમણે એમ પણ જણાવ્યું કે આપણે દેશ વિદેશમાં સ્ત્રીઓને દેવી સમાન સંમ્માન આપતાં હોવા માટે પ્રખ્યાત ભલે હોઈએ પણ આપણાજ દેશમાં સ્ત્રીઓ ઘર અને કાર્યક્ષેત્રમાં વિકટ પરિસ્થિતિમાંથી પસાર થાય છે. એમનું માન જાળવવામાં આપણે ઉણા ઊતરીએ છીએ. ત્યાર બાદ એમણે આમંત્રિત મહેમાનનો સંક્ષિપ્તમાં પરિચય આપ્યો હતો અને સ્ટેજ પર તેઓને સ્ટેજ પર આમંત્રિત કર્યા હતાં.

ટીવીના જાણીતાં એન્કર નિશા માથુરે સંબોધિત કરતાં કહ્યું હતું કે વુમન્સ એમ્પાવરમેન્ટ ફક્ત મતાધિકાર મેળવવા પુરતો ના હોવો જોઈએ પરંતુ રોજબરોજની ગતિવિધિઓમાં પણ તમારો મત કે મંતવ્ય હોવું એટલુજ જરૂરી છે જેમકે, પરણવા માટે પાત્રની પસંદગી, કોને ક્યારે અને ખાસ તો લગ્નજીવન શરુ પણ કરવું છે કે નહિ. નીશાજી એ આગળ ઉમેરતાં જણાવ્યું કે "એમ્પાવરમેન્ટ નો સાચો અર્થ એ છે કે કોઈની બાબત સાંભળવામાં, એના વિષે બોલવામાં, કે જરૂરી નિર્ણય લઈ એનો નિકાલ લાવવામાં ખચકાટ ના હોવો જોઈએ." તેઓ ટીવી એશિયા અને સોની ટીવીના બે કાર્યક્રમોના સફળ લેખક તથાં પ્રસ્તુતા પણ છે. લેખક માયરા ગુડફાયએ કોઈપણ સંજોગોમાં પોતાના જીવન તથા દિનચર્યાને કઈ રીતે સંતુલિત રાખવી એ માટેની ટિપ્પણીઓ આપી હતી. એમણે જણાવ્યું હતું કે નકારાત્મકતા ને બને એટલી જીવનમાંથી નાબુદ કરી આધ્યાત્મિકતા અને હકારાત્મક પોષણને પ્રાધાન્ય આપવું જોઈએ. જયારે શોશ્યલ વર્કમાં અગ્રણ્ય એવાં ઈશિતા ચક્રબર્થીએ જણાવ્યું કે યુએસએ પોલીટીક્સમાં ફક્ત ૨૯%જ સ્ત્રીઓનું પ્રમાણ છે જે દુખદ બાબત છે. એમણે એ વાત પર વજન મૂકતાં અપીલ કરી હતી કે પોલીટીકલ સેક્ટરમાં હવે સમય આવી ગયો છે કે સ્ત્રીઓએ આ ક્ષેત્રમાં ઝંપલાવવું જ રહ્યું જેથી આપણે આપણી વાત, વિચાર, હક્ક, માન્યતા, આપણું કલ્ચર, અને વિટંબણા સ્ટેટ લેજિશ્લેશન માં રજુ કરી આવનાર પેઢી માટે એક માળખું તૈયાર કરી શકીએ.

ચંદ્રિકા ટંડને ખેદ સાથે કહ્યું કે એનવાયયુ યુનિવર્સિટીમાં એન્જીનીયરીંગ વિભાગમાં ફક્ત ૪૧% સ્ત્રી ઉમેદવારી નોંધાય છે પણ તેઓની સફળતા બે સ્ત્રી ઉમેદવારી બરાબર એક પુરુષ જેમ ગણી એનું આભિમાન લેવા બરાબર છે. તેઓએ ફક્ત સ્ત્રીઓને જ નહિ પુરુષોને પણ એક મંત્ર આપ્યો, " I am perfection, you are perfection, we all are perfection." એમણે જણાવ્યું કે આ મંત્ર એક હકારાત્મક અભિગમનું કામ કરે છે. પ્રોફેસર શ્રી ગાયત્રી ચક્રવર્તી સ્પીવાકે "ફેમિનિઝમ" પર પોતાનું મંતવ્ય જણાવતાં કહ્યું હતું, " ફેમિનિઝમ એ પુરુષ માનસિકતાને સ્ત્રી અભીગમમાં ઢાળીને એકત્વની પરાકાષ્ઠાને અનુભવવામાં છે. અલગતાવાદ લિંગભેદ ને જન્મ આપે છે અને એ સ્ત્રીઓના વિકાસ અને સફળતામાં કોઈ કાળે ઉપયોગી ના બની શકે." તેઓએ લિંગભેદને નાબુદ કરી સ્ત્રીઓને અપીલ કરી હતી કે સમોવડી બનાવું એ એજ પ્રક્રિયા છે જેમાં તમે જાહેરાત કરો છો કે તમે અલગ કે કંઈક ન કરી શકવાની ક્ષતિ ધરાવો છો જે માન્ય ના જ હોવું જોઈએ. આ કાર્યક્રમની અલાયદી આગવી ઓળખ હતી ઈંગ્લાંડની વાયોલિનવાદક હસમુખી ડેઈઝી જોપ્લીન જેણે વાયોલીન ના તાર રણઝણાવી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં. તેણીએ સંગીતની આ ઔલોકિક સફર ત્રણ વર્ષની ઉંમરે શરુ કરી આ ક્ષેત્રમાં આગવી ઓળખ ઉભી કરી છે. એણીએ રજુ કરેલ ત્રણ ગીતોમાંથી એક સ્વરચિત કૃતિનો પણ સમાવેશ હતો. મિસ જોપ્લીને સ્ટેજને સંગીતમય બનાવી દીધું હતું.

કાર્યક્રમનું સમાપન આભારવિધિ અને રાત્રીભોજન થી થયું. ત્યાં હાજર દરેકના ચહેરે સંતોષ તો ચમકતો જ હતો પરંતુ એફઆઈએની ટીમ દ્વારા થયેલ સફળ સંચાલન માટે પ્રસંશાનો આભાસ પણ હતો.

- નિકેતા વ્યાસ

# મંગળવારથી અમદાવાદમાં 'સાહિત્ય પંચામૃત' કાર્યક્રમ

## સાહિત્યના ચાહકોને સાહિત્યના દરેક યુગ વિશે અને દરેક યુગના સર્જકો વિશે ઊંડાણથી માહિતી આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૬

ઓમ કોમ્યુનિકેશન દ્વારા તારીખ ૨૦ માર્ચથી ૨૪ માર્ચ, ૨૦૧૮ - મંગળવારથી શનિવાર સાંજે ૬.૦૦ કલાકે આત્મા હૉલ, (મિલ ઑનર્સ બિલ્ડીંગ ઑડિટોરીયમ), સિટી ગોલ્ડ સિનેમાની સામે, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે 'સાહિત્ય પંચામૃત ૨૦૧૮' નામે વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતી ભાષા-સાહિત્યના ભાવકો અને ચાહકો મધ્યકાલીન યુગ, સુધારક યુગ, પંડિત યુગ, ગાંધીયુગ, અનુગાંધીયુગ, આધુનિક યુગ અને અનુઆધુનિક યુગ વિશે અને દરેક યુગના સર્જકો વિશે ઊંડાણથી પરિચય કેળવી શકે તે આ આયોજનનો મુખ્ય હેતુ છે.

સળંગ પાંચ દિવસ ચાલનારા આ સાહિત્ય પંચામૃત કાર્યક્રમમાં આપણી ભાષાના વિદ્વાન અને અભ્યાસી વક્તાઓ દરેક યુગ વિશે અને દરેક યુગ પ્રતિનિધિ સર્જક વિશે વકતવ્ય આપશે અને જાણીતા કવિઓ દરેક યુગના વિવિધ સર્જકોની જાણીતી કવિતાઓનો પાઠ અને ગદ્યખંડોનું પઠન કરશે.

ઓમ કૉમ્યુનિકેશન છેલ્લાં ચાર વર્ષથી આપણી ભાષાના કવિ, સાહિત્યકારના જન્મદિન, પુણ્યતિથિ નિમિત્તે દર મહિને સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરે છે. આપણી ભાષા-સાહિત્યનો સમગ્ર ચિતાર, સામાન્ય માણસને મળે એ આશયથી સાહિત્ય પંચામૃત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતી ભાષા સાહિત્યના ભાવકો અને ચાહકોને ઉપસ્થિત રહેવા ભાવભીનું નિમંત્રણ છે. કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નથી. સૌ ભાષા-સાહિત્ય પ્રેમીઓને આ કાર્યક્રમ માણવા આયોજકો તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

# બોર્ડની પરીક્ષાના કલાક પહેલાં સ્કૂલના તમામ ખંડો ચેક કરાશે

ગાંધીનગર, તા. ૧૬

બોર્ડની પરીક્ષા દરમિયાન જે સ્કૂલોમાં કેન્દ્ર ફાળવવામાં આવ્યા હોય તેના કેટલાક રૂમો પરીક્ષા માટે ઉપયોગમાં લેવાતા નથી. જેથી હવે પરીક્ષા શરૂ થાય તેના એક કલાક પહેલા આવા તમામ રૂમોની ચકાસણી કરવા બોર્ડ દ્વારા આદેશ અપાયો છે. દાહોદની ઘટનાના પગલે બોર્ડ દ્વારા આ અંગે પરિપત્ર કરી સ્થળ સંચાલકોને સૂચના આપી છે. જેથી આવા ઉપયોગમાં ન લેવાયેલા રૂમમાં બિન અધિકૃત વ્યક્તિ અથવા સાહિત્ય હોય તો તે પકડી શકાય અને તેની સામે કાર્યવાહી કરવામાં આવી શકે. આમ, હવે બાકીની તમામ પરીક્ષામાં સ્થળ સંચાલક દ્વારા પેપર શરૂ થવાના એક કલાક પહેલા પરીક્ષા કેન્દ્રના ઉપયોગમાં ન લેવાયેલા તમામ ખંડોની ચકાસણી કરાશે. .

હાલમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓ ચાલી રહી છે. જેના માટે રાજ્યમાં ૫૪૮૩ બિલ્ડિંગના ૬૦૩૩૭ બ્લોકનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જોકે, પરીક્ષા દરમિયાન અનેક સ્કૂલો એવી છે કે તેના તમામ રૂમો પરીક્ષાના કામમાં લેવામાં આવ્યા નથી. જેથી હવે બોર્ડની પરીક્ષા શરૂ થાય તેના એક કલાક પહેલા આવા ઉપયોગમાં ન લેવાયેલા પરીક્ષા ખંડ, પુસ્તકાલય, પ્રયોગશાળા, સ્ટાફ રૂમ વગેરેની ચકાસણી કરવા માટે બોર્ડ દ્વારા સ્થળ સંચાલકોને આદેશ કરાયો છે. આ અંગે બોર્ડ દ્વારા સત્તાવાર પરિપત્ર બહાર પાડી સ્થળ સંચાલક મારફત પરીક્ષા કેન્દ્રના ઉપયોગમાં ન લેવાયેલા ખંડોની ચકાસણી કરવા માટે સૂચના આપી છે. જેથી કોઈ બિન અધિકૃત વ્યક્તિઓ અથવા સાહિત્ય અગાઉથી તેમાં રાખવામાં આવ્યા હોય તો યોગ્ય પગલા લઈ શકાય તથા તેને દૂર કરી શકાય. દાહોદમાં પરીક્ષા વખતે સ્કૂલમાંથી જ પેપર લીકની ઘટનાના પગલે કલેક્ટર દ્વારા દરોડાની કાર્યવાહી કરવામાં આવ્યા બાદ બોર્ડ દ્વારા પેપર લીકની ઘટના અટકાવવા માટે પરિપત્ર કરી આદેશ કર્યો છે.

# બળવંતભાઈ પટેલ : ઈજનેરી, સાહિત્ય અને સમાજસેવાનો ત્રિવેણી સંગમ

ઈજનેરી, સાહિત્ય અને સમાજસેવાના ત્રિવેણી સંગમ સમા શ્રી બળવંતભાઈ વાઘજીભાઈ પટેલનું ૧૧મી માર્ચના રોજ ગાંધીનગર ખાતે દેહાવસાન થયું છે.

બી વી પટેલસાહેબ તરીકે અનેરો આદર અને લોકચાહના ધરાવતા શ્રી બળવંતભાઈએ એક જમાનામાં કર્મચારીઓના નગર તરીકે જ ઓળખાતા ગાંધીનગરની સામાજિક, સાંસ્કૃતિક અને સાહિત્યિક ઓળખ ઊભી કરવામાં પાયાની ભૂમિકા ભજવી હતી. ગાંધીનગરની ઓળખ સમી અનેકવિધ સંસ્થાની સ્થાપનામાં તેમનું યોગદાન અમૂલ્ય કહી શકાય તેવું છે. મૂળ ધર્મજના વતની એવા બળવંતભાઈની કારકિર્દી શાળા અભ્યાસથી જ ઉજ્જવળ રહી હતી. બીઈ કર્યા બાદ રાજયના માર્ગ અને મકાન વિભાગમાં સેવા પ્રવૃત્ત થયા. ગાંધીનગરની સ્થાપના સમયથી તેઓ ગાંધીનગર ખાતે સ્થાયી થયા. આ દરમિયાન તેમણે ગોધરા, રાજકોટ સહિત ગુજરાતનાં વિવિધ શહેરોમાં પણ ફરજ બજાવી. રાજયના માર્ગ અને મકાન વિભાગમાં સેવાઓ દરમિયાન રાજ્યના વિકાસ અને ગાંધીનગરની રચનામાં ઈજનેરી તજ્જ્ઞતા થકી એક આગવી ઓળખ તેમણે ઊભી કરી હતી. ગાંધીનગરમાં વિધાનસભા ગૃહ સહિતનાં અનેકવિધ સ્થાપત્યોની રચના અને નિર્માણમાં તેમનું યોગદાન રહ્યું છે. તેઓ વર્લ્ડબેંક પ્રૉજેક્ટ અંતર્ગત ભારતમાં ગ્રામીણ રસ્તાઓના નિર્માણમાં તેમજ કેન્યા સરકારને હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણમાં માર્ગદર્શક રહ્યા હતા.



ઈજનેરી વિદ્યા અને સાહિત્યમાં આગવી ઋચિ ધરાવતા બળવંતભાઈ સાહિત્યલેખનમાં સતત પ્રવૃત્ત હતા. તેમના ગુજરાતી ભાષાની જોડણી અંગેના પુસ્તક 'ફર-અફર'ને બહોળું સન્માન અને પ્રશંસા પ્રાપ્ત થઈ હતી. આ ઉપરાંત તેમણે 'સંયુક્ત રાષ્ટ્ર સંઘ - પરિચયાત્મક આલેખ' પુસ્તિકા, 'વાદ વિના વિવાદ', ઉત્ક્રાંતિકારક 'લોક-૧' ઘઉંના સંશોધક ડૉ. ઝવેરભાઈ ઍચ પટેલની 'સંશોધનગાથા'ને પુસ્તક સ્વરૂપે ઉજાગર કરી. બળવંતભાઈએ નવદંપતિ માટેનાં આધુનિક મંગલાષ્ટકો 'ધન્યો-ગૃહસ્થાશ્રમ', યજ્ઞોપવિત ધારણ કરી વિદ્યાભ્યાસ માટે ગુરુના આશ્રમે જતા બટુકને વડીલો કેવાં વચનોથી વિદાય આપતા હશે તેની કલ્પના કરતી કવિતા ઉક્તિઓ 'ચિરંજીવીને દ્વિજત્વ ટાણે', 'ચૂંટણીકાવ્યો' સહિતની અનેક આગવી કાવ્ય રચનાઓ પણ આપી છે. સ્વ. શ્રી રતિલાલ ચંદરયા સાથે મળી ગુજરાતી ભાષાના સીમાચિહ્ન ગણાતા ઓનલાઈન સંદર્ભ કોશ 'ગુજરાતીલેક્સિકન ડૉટ કૉમ'ની સ્થાપનામાં તેમણે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમના આ યોગદાનને ટાંકી ટ્રસ્ટી મંડળના મોવડી વિપુલભાઈ કલ્યાણીએ તેમના એક દાયકા કરતાં વધુ સમયના યોગદાનને સંભારીને શ્રદ્ધાંજલી પાઠવી છે. જ્યારે ગુજરાતીલેક્સિકનના માર્ગદર્શક અશોક કરણિયા તેમના શોક સંદેશમાં જણાવે છે કે 'ગુજરાતી ભાષા અંગેની ચળવળમાં બળવંતભાઈનું યોગદાન અવિસ્મરણીય છે, રહેશે અને ગુજરાતીલેક્સિકન તથા 'કમ્પ્યુટરની ક્લિકે' - ગુજરાતી ભાષાની પહેલી ડિજીટલ ડિક્શનરીના સંપાદન સહિતના અનેક પ્રૉજેક્ટ થકી તેઓ સદા અમર રહેશે.' આ ઉપરાંત ગુજરાતીલેક્સિકનના દરેક નવા પ્રકલ્પ વખતે તેમનાં સૂચનો દીવાદાંડી સમાન રહ્યાં છે. ભગવદ્ગોમંડલ પ્રોજેક્ટમાં તેમણે લખી આપેલ શબ્દકોશના ઉદ્ભવ અને વિકાસનો કોઈ લેખ કોઈપણ વ્યક્તિને ગુજરાતી ભાષાના શબ્દકોશના ઉદ્ભવ અંગેની સચોટ માહિતી આપે છે. લેખક તરીકે તેમણે વિવિધ દૈનિક, સાપ્તાહિક વર્તમાનપત્રો, માસિકોમાં તેમના અભ્યાસલેખો અને કૉલમો દ્વારા નીતિઘડતર અને સમાજઘડતરની દિશાઓ સૂચવી હતી. વ્યક્તિગત હિત કરતાં કુટુંબ, પરીવાર અને સમાજના હિતને વધારે મહત્ત્વ આપવું એવા ધ્યેય સાથે કુટુંબવત્સલ અને પ્રેમાળ સ્વભાવની હૂંફ પરીવાર તેમજ સમાજને હંમેશાં મળતી રહી. પરીવારના વંશવૃક્ષનું સંસ્કારસિંચન કરવામાં ધર્મપત્ની ભાનુબહેન સંગાથી રહ્યાં. તેમના મોટા પુત્ર સુનિલભાઈ પટેલે પ્રતિષ્ઠિત બિલ્ડર તરીકે નામના મેળવી જ્યારે અમેરિકા સ્થિત નાના પુત્ર સંજય પટેલ, સોફ્ટવેર એન્જિનીયર તરીકે વિશ્વની અગ્રણી એવી આઈબીએમ કંપનીમાં ઉચ્ચ હોદ્દા ઉપર ફરજ બજાવી રહ્યા છે. પૌત્ર સૌહમ સુનિલ પટેલ ગાંધીનગર ખાતે ડૉક્ટર તરીકે સેવાઓ આપી રહ્યા છે, જ્યારે નીલ તેમજ અંશ સંજય પટેલ અમેરિકા ખાતે અભ્યાસમાં પ્રવૃત્ત છે.

અધિક્ષક ઈજનેર તરીકે સેવા નિવૃત્ત થયા બાદ નગરના નાગરીક જીવનના પ્રશ્નોને વાચા આપવા, તેના ઉકેલ તેમજ નાગરીક જીવનના ઘડતર માટે ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ સંસ્થાની સ્થાપનામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. શહેરી જીવનમાં સાહિત્ય, સંવેદનાઓ અને સંસ્કાર ઘડતર માટે ગાંધીનગર સાહિત્ય સભા સહિતની અનેક સંસ્થાઓનો પાયો નાખવાનું કાર્ય કર્યું. ગાંધીનગર લાયન્સ ક્લબની સ્થાપના કરવામાં પણ તેમનો અમૂલ્ય ફાળો રહ્યો છે. તેમની આ દૂરંદેશીને કારણે આજે ગાંધીનગરને એક આગવી ઓળખ મળી છે. 'સન્ડે ઈ. મહેફિલ'ના મુખ્ય સંપાદક ઉત્તમ ગુજ્જર તેમને ઉદ્યમી અને વિદ્યાવ્યાસંગી તરીકે યાદ કરીને, પ્રથમ સંપાદક તરીકે તેમનું યોગદાન હંમેશા સ્મરણમાં રહેશે તેવી ભાવાંજલી અર્પે છે.